ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૮-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### રાજકારણમાં નિવૃત્તિ માટે વયમર્યાદા હોવી જ જોઇએ

રાજકારણમાં નિવૃત્તિ માટે વયમર્યાદા જરૂરી છે આ વિધાન કોઇ સામાન્ય નાગરિકનું નહીં પરંતુ રાજકીય પક્ષના રાષ્ટ્રીય મહાસચિવનું છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહાસચિવ જર્નાદન દ્વિવેદીએ રાજકારણમાં નિવૃત્તિ વયમર્યાદાની વાત કરી દેશના રાજકીય ફલક ઉપર ચર્ચા જન્માવી છે. રાષ્ટ્રીય કક્ષાએ ચર્ચા આવકાર્ય છે. તમામ રાજકીય પક્ષોએ નિવૃત્તિ વયમર્યાદા અંગેની સ્પષ્ટનીતિ જાહેર કરવી જોઇએ. કોઇ પણ અપવાદો સિવાય આ નીતિનો અમલ થશે એવી પ્રજાને ખાતરી આપવી જોઇએ. મોટા ભાગના રાજકીય પક્ષોના રાજકીય અગ્રણીઓ સિત્તેરથી વધુ વયના છે અને હંમેશા તેઓ યુવાનો માટે વકીલાત કરે છે. આવી બેધારી અને દંભી નીતિઓને કારણે સામાન્ય પ્રજા રાજકારણીઓને તિરસ્કૃત નજરે જુએ છે. હવે યુવાનોને તક આપવી જોઇએ એવું કહેનાર કોઇ રાજકીય આગેવાનો સ્વેચ્છાએ પોતાનું પદ છોડ્યું હોય એવી ઘટના જવલ્લે જ બને છે. આપણે ત્યાં રાજકારણમાં પાકટતાનો મહિમા છે. જાહેરજીવનમાં માણસ ઘડાય એટલે વધુ પાકટતા આવે એવી માન્યતામાં સૌ ભારતીયો રાચે છે. આપણા લશ્કરી દળોમાં નિવૃત્તિની વયમર્યાદા છે. સરકારી સેવાઓમાં નિવૃત્તિ વયમર્યાદા છે. બિનસરકારી સંસ્થાનોમાં પણ વયમર્યાદા લાગે છે તો રાજકારણમાં પણ કેમ વયમર્યાદા ન હોવી જોઇએ. નિવૃત્તિ વયમર્યાદાના કાયદા ઘડનારાઓ કાનૂનથી પર ન હોવા જોઇએ. દેશના તમામ રાજકીય પક્ષોએ સાથે મળીને એકી અવાજે વયમર્યાદાની આચારસંહિતા તાકીદે ઘડવી જોઇએ. આજે ભારત દેશ દુનિયાનો સૌથી યુવાન દેશ છે. ૧૨૧ કરોડની જનસંખ્યામાં ૬૫ કરોડથી વધુ રાજકીય રોટલા શેકતા આગેવાનોથી ચેતવા જેવું છે. આ દેશની સંસ્કૃતિમાં યુવા નેતૃત્વ વણાયેલું છે. સ્વાવી વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ જેવા યુવાનોએ આ દેશને સમર્થ નેતૃત્વ પુરૂં પાડ્યું છે યુવાનોએ દેશને દિશા આપી છે અને યુનાનોનો મહિમા તો છે જ પરંતુ મૂળ મુદ્દો એ છે કે ક્યાં સુધી પાકટતાના નામે, પીઢતાના નામે, અનુભવના નામે રાજકારણમાં વૃદ્ધોની ફોજ ઊભા કરતા રહેવાનું. દેશમાં એક ગોળમેજી પરિષદ યોજાવી જોઇએ. તમામ વર્ગો, તમામ પ્રદેશો અને તમામ પક્ષોના પ્રતિનિધિત્વવાળી ગોળમેજી પરિષદમાં સિત્તેર વર્ષે રાજકારણમાંથી નિવૃત્ત થવું જોઇએ એવો મત ઘડવાની જરૂરિયાત હવે અનિવાર્ય બનતી જાય છે. સમયની માંગને ઓળખવામાં થાપ ખાઇશું તો ઇતિહાસ આપણને માફ નહી કરે. વિના વિલંબે વયનિવૃત્તિની દિશામાં નિર્ણાયક ભૂમિકા પર તમામ પક્ષોએ આવવું જોઇએ.

# ફરજીયાત પ્રાથમિક શિક્ષણના એસ.ટી.પી. વર્ગોનું ગ્રાન્ટની અનિશ્ચિતતા વચ્ચે ભાવિ ડામાડોળ

### રોજીરોટી માટે મોસમી સ્થળાંતર કરતા વાલીઓના બાળકોને ક્ષમતાલક્ષી શિક્ષણ આ વર્ગો આપતા હતા


ગાંધીનગર, તા. ૨૯

સર્વશિક્ષા અભિયાન મિશન અંતર્ગત શાળા બહારના બાળકોને એઆઈઈ (ઓલ્ટરનેટીવ એન્ડ ઈનોવેટીવ એજ્યુકેશન) યોજનામાં સાંકળી શિક્ષણનું સર્વત્રીકરણના ધ્યેય પ્રાપ્ત કરવા ફરજયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો અમલમાં આવ્યો છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર શિક્ષણના સાક્ષારતા દરને હાંસલ કરવા શિક્ષણ પ્રત્યે અનેક જોગવાઈઓ અમલમાં મુકેલી છે. પરંતુ રોજીરોટી માટે મોસમી સ્થળાંતર કરતા વાલીઓના બાળકોને શિક્ષણ પુરૂ પાડવા માટે અપાતી ગ્રાન્ટની અનિશ્ચિતા વધી ગઈ છે જેમાં કેટાક સ્થાનિક પરિબો જવાબદાર બન્યા છે. જેથી આ બાળકોના એસ.ટી.પી.થી વર્ગો જે છેલ્લા ચારથી પાંચ વર્ષથી ચાલતા હતા તેનું ભાવિ ડામાડોળ બનતા શિક્ષણ જગતમાં આઘાતની લાગણી પેદા થઈ છે.

રાઈટ એજ્યુકેશન, એક્ટ-૨૦૦૯ એપ્રિલ-૨૦૧૦ અમલમાં આવ્યો છે. આ એક્ટની જોગવાઈઓ મુજબ કોઈ પણ બાળક તે શાળામાંથી ડ્રોપ આઉટ હોય કે કદીયે શાળાએ ન ગયેલ હોય તે બાળકને તેની વયને અનુરૂપ ધોરણમાં સામાન્ય શાળામાં પ્રવેશ અપાવી તે ધોરણ માટે તેને સ્પેશિયલ ટ્રેનીંગ આપી શૈક્ષણિક રીતે સજ્જ કરવો. જે મુજબ ગાંધીનગર જિલ્લા અને શહેરમાં એસ.ટી.પી. વર્ગોનું જિલ્લા કોઓર્ડીનેટર સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ છેલ્લા ચારથી પાંચ વર્ષ દરમ્યાન સફળતાપૂર્વક ચાલ્યા છે અને આ વર્ગો થકી શિક્ષણ મેળવી વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ પણ કરવા લાગ્યા છે.

પરંતુ તાજેતરમાં નિયુક્ત જિલ્લા કોઓર્ડીનેટરની સીધી દેખરેખ હેઠળ છેલ્લા ચારથી પાંચ વર્ષથી ચાલતા આ વર્ગોનું ભાવિ ગ્રાન્ટની અનિશ્ચિતતાના કારણો રજૂ કરી અંધકારમય બનાવી દેવામાં આવ્યા છે. આ અંગે જિલ્લા કો ઓર્ડીનેટર શર્મિલીબેને માહિતી આપતા જણાવ્યું હતું કે આ વર્ગો શરૂ કરી જ દેવાના છે. તે અંગે બીઆરસી અને આચાર્ય પાસે માહિતી મંગાવવામાં આવી છે. આર.ટી.ઈ. એક્ટ ૨૦૦૯ યુનિસેફ દ્વારા તૈયાર કરાયેલ 'બાળકોને મુક્ત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ અને ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૬૧' મુજબ બાળકનો હક્ક ગ્રાન્ટ અને અધિકારીઓની અનદેખીમાં છીનવાય તે કાનુની ભંગ ગણી રહ્યો છે. ત્યારે સંપુર્ણ વિગતવાર આ બાબતોની માહિતી ટુંક સમયમાં અખબારમાં ઘટસ્ફોટ કરાશે જેથી અસહાય અને ગરીબ વિદ્યાર્થીઓને ન્યાય મળી શકે.





શહેરમાં આવેલ સેક્ટર-૨૦ પ્રાથમિક શાળા નં. ૧ માં અભ્યાસ કરતા ધોરણ-૧ થી ૮ ના શ્રેષ્ઠ ત્રણ વિદ્યાર્થીઓને શ્રી અરૂણોદય સેવા ટ્રસ્ટ ગાંધીનગરના શ્રીમતી જ્યોત્સના બુચના વરદહસ્તે ઈનામો વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળામાં વાલી મંડળના પ્રતિનિદિ ધીરૂભાઈ આચાર્ય, કૈલાશબેન ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરના વડીલ ફોટોગ્રાફર્સનું સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના આંગણે વડીલ ફોટો ગ્રાફર્સનો સન્માન કરવાનો કાર્યક્રમ જાણીતા ફોટો જર્નાલીસ્ટ ઝવેરીલાલ મહેતાની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપ દ્વારા સિનિયર ફોટોગ્રાફર્સનું બહુમાન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો શુભારંભ જાણીતા ફોટો જર્નાલીસ્ટ ઝવેરીલાલ મહેતા દ્વારા કરવામાં આવ્યો હતો. તેમજ શહેરમાં સૌ પ્રથમવાર કેમેરાની જાળવણીનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો.





સન્માન સમારોહમાં કાન્તીભાઈ શર્મા, કાંતિભાઈ કડિયા, કિરીટકુમાર અગ્રાવત, રવિભાઈ દવે, શ્રીકાંતભાઈ નાયક, સતિષભાઈ પંડ્યા, દિપકભાઈ નાડિયાનું ઝવેરીલાલ મહેતાના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સ્વ. ગુણવંતલાલ નાયક, સ્વ. રસિકભાઈ વર્માને પણ યાદ કરી તેમની કામગીરીને બિરદાવી તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપના રાકેશભાઈ ભટ્ટ, ચંદ્રશેખર ગદાણી, ગૌરવ જાદવ, પિયુષ ચૌહાણ, ગ્રેહામ પ્રવાસી, અલ્પેશ ચૌહાણે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# કાયદાની સ્પષ્ટ જોગવાઇ છે કે લગ્નજીવનના એક વર્ષની અંદર છૂટાછેડા થઇ શકે નહીં

## મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણે ચર્ચા કરી રહ્યા હતાં કે ઘરમેળે છુટાછેટા જે અલગ અલગ રીતે થાય છે તેની કાયદેસરતા પણ કેટલે અંશે? કોઇ વ્યક્તિના લગ્નજીવનને એક વર્ષ પૂર્ણ ન થયું હોય તો છૂટાછેડા લખી શકાય ખરા?

કાયદાની સ્પષ્ટ જોગવાઇ છે કે લગ્નજીવનના એક વર્ષની અંદર છૂટાછેડા થઇ શકે નહીં. કાયદાનો હેતુ એ કદાચ લાંબા વિચાર બાદ વ્યક્તિ સાચા નિર્ણય પર આવી શકે તે પ્રકારનો હોય તેમ લાગે છે આમ પણ સંમતિથી છૂટાછેડા જયારે બંને પક્ષકાર ભેગા મળીને અદાલતમાં દાખલ કરે છે ત્યારે પણ આવી છૂટાછેડાની અરજી દાખલ થાય તે દિવસે નામદાર અદાલત છૂટાછેડાનો હુકમ ફરમાવતી નથી તેની પણ એક ચોક્કસ કાયદાકીય પ્રોસીજર નિર્ણિત થયેલ છે.

હિન્દુ મેરેજ એક્ટની કલમ-૧૩ (બી) જયારે સંમતીથી છૂટાછેડાની અરજી બંને પક્ષકારો ભેગા મળીને દાખલ કરે ત્યારે તો આવી અરજી ઉપર બંને પક્ષકારોના ફોટા ચોડવા ફરજિયાત છે. ખાસ તો લગ્ન થયા અંગેનો આધાર પણ આવી અરજી સાથે રજૂ કરવો ફરજિયાત છે અને ત્રીજી મુખ્ય બાબત એ પતિ અને પત્ની એટલે કે બંને અરજદારોના ઓળખના આધાર અને રહેઠાણના આધાર પર છૂટાછેડાની અરજી દાખલ કરતી વખતે રજૂ કરવા જરૂરી છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ એવું જોવા મળે છે કે કેટલીવાર અરજારો એકબીજા સાથે ભળી જઇને પોતાને એક સામાન્ય હેતુ બર લાવવા મીલાપીપણામાં છૂટાછેડાની અરજી દાખલ કરે છે એટલે કે ખોટા છૂટાછેડા કાયદાકીય રીતે દર્શાવવા માટે ઊભા કરે છે. ખાસ કરીને પરદેશમાં અન્ય લગ્ન પણ ખોટા કરવામાં આવે. લગ્ન કરવાનો હેતુ એ માત્ર પરદેશ જવાનો હોય છે. તો વળી, કેટલીકવાર માત્ર લગ્નનું સ્ટેટસ ઊભું કરવા માટે પણ ખોટા લગ્ન કરવામાં આવે છે. હમણાંની જ પ્રકાશમાં આવેલી એક ઘટના યાદ કરું તો,

સંજય અને સ્વાતિના જ્ઞાતિના રીવાજ મુજબ લગ્ન થયાં. સ્વાતિ અને સંજય પરદેશ જ રહેવા માંગતા હતા. હજુ આજે પણ લંડન અમેરીકાના જાગજમાલ લોકોના મનમાંથી બહુ નીકળી હોય તેમ લાગતું નથી. વ્યક્તિ ધારે તો ભારત દેશમાં જ પોતાની લાયકાતને આધારે કામ મેળવી જ શકે છે. પરંતુ લંડન જ અભ્યાસ કરવો અને પછી ગમે તેવી નાની-મોટી નોકરી લઇને લંડનમાં સ્થિર થવું વિચારવાવાળો એક આખો વર્ગ છે અને તેઓના માટે દિવાબત્તી જેવો આ કિસ્સો છે. સંજય અને સ્વાતિ આગળ ભણવાના વિઝા લઇને લંડન ગયા. સંજયના વિઝાના આધારે સ્વાતિને પણ વિઝા મળી શક્યા. પરદેશ ભણવા જવા વાળાએ પણ કઇ કઇ યુનિવર્સિટીઓ માન્યતાવાળી છે તે બાબતની પણ તપાસ કરીને તે જ પ્રકારના અભ્યાસક્રમમાં ભણવા માટે જવું જોઇએ. કેટલીક યુનિવર્સિટીઓ તો એક રૂમમાં પણ ચાલતી જોવા મળે છે. અહીંથી જનાર કોઇ પણ વિદ્યાર્થી દરરોજ ખરેખર ભણવા માટે જાય છે કે કેમ? તેનો સર્વે હાથ ધરવામાં આવે તો કડવી વાસ્તવિકતાઓ બહાર આવે તેમ છે. માત્ર દુરવર્તી અભ્યાસક્રમમાં જાડાઇ જવું અને પછી પરદેશ જઇને જે નોકરીના કલાકો તમે તેમાં કામ કરવું એ એક સામાન્ય પ્રથા છે. સંજય અને સ્વાતિને પણ પોતાને લાયક કામ મળી ગયું. એવો વિચાર આવે છે કે જે પ્રકારનું કામ પરદેશમાં કરે અને જેટલી આવક મેળવી શકે તે પ્રકારે પોતાના દેશમાં અને ઘેર રહીને વ્યક્તિ મહેનત કરે તો આવક મેળવી શકે છે છતાં પણ પોતાના આજુબાજુના લોકો, પોતાના સંબંધીઓ, પોતાના સગાઓ જે જે બહારની વાત કરે તેનાથી અંજાઇને તે તરફ વિચાર કરીને પણ દેશ બહાર જવા વાળો વર્ગ જોવા મળે છે.

સ્વાતિની બહેન રીટાને પરદેશ પોતાની બહેન પાસ `લાંબો સમય જવાની ઇચ્છા થઇ. રીટાને વિઝા મેળવવામાં એક યા બીજા કારણસર તકલીફ પડતી હતી. સ્વાતિની રોજબરોજની જીદ તે સ્વાતિએ તેની બહેન રીટાને લંડન બોલાવવી જ છે. સ્વાતિની અતિશય જીદને કારણે સંજય અને સ્વાતિ સાથે મળીને રીટાને લંડન કઇ રીતે બોલાવી શકાય તે સંદર્ભે માર્ગદર્શન મેળવવા ગયા. કોણે અને ક્યાં પ્રકારે તેમજ ક્યાં સંજોગોમાં કેવી રીતે માર્ગદર્શન મેળવ્યું તેનો આધાર તથા તમામ કડીઓ મેળવવા મથામણ ચાલી રહી છે, પરંતુ એક વાત ચોક્કસ કે એવું નક્કી થયું કે સંજયના ભાઇ વિકાસના લગ્ન સ્વાતિની બહેન રીટા સાથે રજીસ્ટર્ડ કરી દેવા.

એ વાતનો ખાસ ઉલ્લેખ કરું કે વિકાસને સ્વાતિની બહેન રીટા સાથે કોઇ લગાવ કે પ્રેમ નથી. વળી, વિકાસને આવા માત્ર કાગળ પરના લગ્ન કરવામાં જરા પણ રસ નથી. માત્ર દેખાવ ખાતર વિકાસ અને રીટાના લગ્ન થઇ ગયા છે તેવો કાયકાદીય આધાર ઊભો કરવા માટે આ પ્રકારનું લગ્ન કરવા માટે વિકાસ પણ પરોક્ષ રીતે દબાણ પણ થયું. માત્ર અને માત્ર રીટાને લંડન જવા માટે એક લગ્ન થયાનો આધાર જરૂરી હતો તે જ દર્શાવવા આ લગ્નની નોંધણી થઇ. અગાઉની અનેક કોલમોમાં અમોએ ઉલ્લેખ કરેલ છે કે જ લગ્નમાં વિધિ જ ન થાય અને માત્ર લગ્ન વિધિ થઇ છે તેવું દર્શાવીને લગ્ન નોંધણી કચેરીમાં લગ્ન નોંધાવીને લગ્ન નોંધાયા અંગેનો પ્રમાણપત્ર મેળવવામાં આવે તે લગ્ન અસ્તિત્વ જ ધરાવતું નથી. આવા થયેલા લગ્નો એ રદ્દ થવાને પાત્ર લગ્નો છે. એવા પણ કિસ્સા જોગા મળ્યા છે કે,

જે તે લગ્ન થનાર દીકરીએ લગ્ન થયા અંગેના ફોર્મમાં સહિ પણ ન કરી હોય છતાં તેણીની સહી ખોટી કરીને લગ્ન નોંધણીનું ફોર્મ લગ્ન નોંધણી અધિકાર સમક્ષ રજૂ થઇ જાય. આવી એક દીકરી રૂપાની સગાઇ નક્કી થઇ અને તેણીની લગ્ન તારીખ નક્કી થઇ ત્યારે રૂપાના કાકા પાસે એક અજાણ્યો દીકરો કે જેનું નામ નયન, એ કાકા પાસે પહોંચી ગયો. રૂપાના કાકાએ નયનની વાત સાંભળીને આંચકો અનુભવ્યો. નયને જણાવ્યું કે નયન અને રૂપાના લગ્ન થઇ ગયા છે. રૂપા એ નયનની કાયદેસરની પત્ની છે અને જો રૂપાનો પ્રત્યક્ષ કબજો નયનને સોંપવામાં નહીં આવે તો નયન નામદાર અદાલતનો આશરો લઇને અદાલતમાંથી સર્ચવોરંટ કઢાવીને રૂપાને લઇ જશે. રૂપાના કાકાએ નયન પાસે રૂપા અને નયનના લગ્નનો આધાર પણ માંગ્યો. નયને આધારે રજૂ કરવા તૈયારી દર્શાવી. રૂપાના કાકાએ બીજે દિવસે પોતાના પણ સગાને બોલાવી રાખ્યા. બીજે દિવસે નયને રૂપા અને નયનના થયેલ લગ્નની નોંધણીનું અસલ પ્રમાણપત્ર લઇને હાજર થયો. નયનની રજૂઆતને આધારે હવે રૂપાનું પુછપરછ કરવાની ઘરના સભ્યોને જરૂર લાગી.

રૂપાને પુછપરછ કરતાં રૂપાએ સ્પષ્ટ જણાવ્યું કે તેણીએ નયન સાથે લગ્ન કર્યા નથી, એટલું જ નહીં રૂપાએ લગ્ન અંગેના ફોર્મમાં પણ કોઇ કચેરીમાં જઇને સહી કરી નથી. સર્ટીફિકેટમાં જણાવ્યા મુજબની મંદિરવાળી જગ્યાએ રૂપા એક દિવસ નયન સાથે ઘણાં વર્ષો પહેલાં ફરવા ગઇ હતી પરંતુ તે જગ્યાએ, તે મંદિરમાં લગ્ન કર્યા નથી.

રૂપાના કેસમાં નયન કેવી રીતે લગ્ન રજીસ્ટર્ડ કર્યા હતા? વિકાસ અને રીટા કેસમાં માત્ર કાગળ પર થયેલાં લગ્નમાં આગળ શું પરીણામ આવ્યું? છૂટાછેડાની કાયદેસરની કાર્યવાહી અને માત્ર કાગળ પર થતાં લગ્નો, વિકાસની કથની અને રૂપાની વેદના સાથે મળીને આવતે અંકે...

## હરિની દૃષ્ટિ...





તું નારાજ ન થઇશ, તું શું માંગીશ તે મને ખબર છે.
એથી વધુ મને એ ખબર છે કે તને શું આપવું જોઇએ...

## મિચ્છામી દુક્કડમ્

વીત્યા વરસમાં મેં ઘણાને દૂભવ્યા હશે
કોઇ નયન મારા થકી ભીનાં થયા હશે
મારા થકી ઘવાયું હશે કોઇનું સ્વમાન
ક્યારેક હું ફર્યો હઇશ આપીને જબાન
ગુસ્સે થયો હોવા છતાં ખોટું હસ્યો હઇશ
ન બોલવાનું કેટલું બોલી ગયો હઇશ
નહીં મળવાના મેં બહાનાઓ કાઢ્યા હશે હજાર
બીજાના દુઃખનો મેં નહીં કીધો હશે વિચાર
કોઇને માથે ઊભો હઇશ હું બનીને બોજ
કોઇના નીચાજોણામાં લીધા હશે મેં મોજ
કીધા હશે મેં કોઇના તદ્દન ખોટા વખાણ
અમથા જ મેં કર્યા હશે આક્ષેપને ખેંચતાણ
આજે રહી રહીને બધું યાદ આવે છે
નીતર્યા હૃદયના દ્વારથી એક સાદ આવે છે
કહી દઉં કે કેટકેટલી ભૂલો કરી છે મેં
મનમાં અહમની કેવી દિવાલો ચણી છે મેં
માફી તમારી માંગતા લાગે છે બહુ શરમ
આથી જ કહું છું દૂરથી "મિચ્છામી દુક્કડમ્"
એને સ્વીકારજો તો બધે મહેક થઇ જશે
મારા જીવન પર આંસુનો અભિષેક થઇ જશે

- ડૉ. મુકુલ ચોકસી



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઉડાન વિશ્વ વિદ્યાલય યુપીમાં કયા સ્થળે સ્થાપવાની છે?
→ **રાયબરેલી જિલ્લાનાં ફુર્સતગંજ ખાતે**
૨. ઈન્ડિયન આઈડલ જુનિયર-૨૦૧૩ના વિજેતા કોણ છે?
→ **અંજના પદ્મનાભ**
૩. ૨૦૧૩માં ભારતમાં કઈ નોન બેન્કીંગ કંપની દ્વારા મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ચંદ્રપાડામાં દેશનું પ્રથમ એટીએમ સ્થાપવામાં આવ્યું છે?
→ **ટાટા કોમ્પ્યુનિકેશન પેમેન્ટ્સ સોલ્યુશન લિ.**
૪. ઈન્ડિયન આઈડલ જુનિયર ખિતાબ જીતનાર અંજના પદ્મનાભન ક્યાંના વતની છે?
→ **બેંગ્લોર**
૫. ૨૦૧૪માં મુંબઈમાં કયો ફિલ્મ મહોત્સવ ઉજવાયો?
→ **મુંબઇ વુમન્સ ઇન્ટરનેશનલ ફિલ્મ મહોત્સવ**
૬. ૨૦૧૪માં મુંબઈ વુમન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ મહોત્સવ કોના દ્વારા આયોજીત થયો હતો?
→ **ઓક્યુલસ ક્રિએશન અને મહારાષ્ટ્ર પર્યટન વિકાસ નિગમનાં સહયોગથી**
૭. ૨૦૧૪માં મુંબઇ વુમન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ મહોત્સવમાં કોને સન્માનિત કરવામાં આવ્યા હતા?
→ **નૃત્ય નિર્દેશક સરોજખાન**
૮. ૨૦૧૪માં નૃત્ય નિર્દેશક સરોજખાનને કયો પુરસ્કાર આપવામાં આવ્યો હતો?
૯. ૨૦૧૩માં જમ્મુ-કાશ્મીરના કયા બે સ્થળો વચ્ચે ટ્રેન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
→ **બનિહાલ અને કાઝી ગુંડ**
૧૦. ૨૦૧૩માં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સિવિલ ડિફેન્સના નવા ડિરેક્ટર જનરલ પદે કોની નિમણૂંક કરવામાં આવી છે?
→ **ક્રિષ્ના ચૌધરી**
૧૧. સોનાની માંગ ઘટાડવા ભારત સરકારે ૨૦૧૩ આયાત જકાત ઘટાડીને કેટલા ટકા કરી છે?
→ **૮ ટકા**
૧૨. ૨૦૧૪માં મુંબઈ વુમન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ મહોત્સવ કોના દ્વારા આયોજીત થયો હતો?
→ **રોશની યોજના**
૧૩. ૨૦૧૩માં ભારત સંચાર નિગમ લિ. દ્વારા ૧૬૦ વર્ષ જૂની કઈ સેવા બંધ કરવામાં આવી છે?
→ **તાર સેવા**
૧૪. ૨૦૧૩માં ભારતના કયા રાજયમાં કેશનું પ્રથમ નોન બેન્કીંગ એટીએમ સ્થાપવામાં આવ્યું છે?
→ **મહારાષ્ટ્ર**
૧૫. ૨૦૧૩માં ત્રિપુરામાં કયા સ્થળે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશનની મોટી વીજળી પરિયોજનાનું પ્રથમ એકમ સ્થાપવામાં આવ્યું છે?
→ **પાલટાના (ત્રિપુરા)**
૧૬. ૨૦૧૩ જૂન માસમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ પદે કોની નિમણૂંક કરવામાં આવી છે?
→ **બિગલ ઝૂલકા**
૧૭. ૨૦૧૩માં ભારતનાં હિન્દીના પ્રખ્યાત કયાં વિવેચક અને ચિંતકનું નિધન થયું હતું?
→ **ડો. શિવકુમાર મિશ્રા**
૧૮. ૨૦૧૩માં ઉત્તરાખંડના કેદારનાથમાં પૂરગ્રસ્ત લોકોને બચાવવા માટે ઈન્ડિયન આર્મીએ કયું બચાવ ઓપરેશન કર્યું હતું?
→ **ઓપરેશન સૂર્યહોપ**
૧૯. ૨૦૧૩માં બોલીવુડની કઈ અભિનેત્રીએ આત્મહત્યા કરી લીધી હતી?
→ **ઝિયા ખાન**
૨૦. આઝાદ હિન્દ ફોજના કયા લડવૈયાનું ૨૦૧૩માં નિધન થવા પામ્યું હતું?
→ **સાગરસિંહ**